# ઐતિહાસિક અને સાંસ્કૃતિક દૃષ્ટિએ: મોટી હમામની પોળ-અમદાવાદ

ડૉ. મોતીભાઈ દેવું
આસિસ્ટન્ટ પ્રોફેસર
ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

**સારાંશ**

અમદાવાદની ઐતિહાસિકતા અને સાંસ્કૃતિકતા જોઈએ તો અમદાવાદ વૈવિધ્યસભર રીતે જોવા મળે છે. અમદાવાદ વર્લ્ડ હેરિટેજ સિટી તરીકેનો દરજ્જો પ્રાપ્ત થયો છે. તેમાં અમદાવાદની પોળનું અનેરૂં મહત્વ છે. અમદાવાદની પોળોમાં મકાનોની અદભૂત રચના, શૈલી, બાંધણી વિવિધતા વાળી જોવા મળે છે. અમદાવાદના ઘી કાંટા વિસ્તારમાં આવેલી મોટી હમામની પોળ ઐતિહાસિકતા અને સાંસ્કૃતિકતાની રીતે ધ્યાન આકર્ષિત કરે છે. મોટી હમામ પોળના મકાનોની રચના, રાજકીય મહત્વ, સામાજિકતા, વિવિધ પ્રસંગો, પોળનું શિલ્પ-સ્થાપત્ય, પોળમાં ઉજવાતા વિવિધ ઉત્સવો, તહેવારો, પોળની અર્થ વ્યવસ્થા, પોળના લોકો માટે શિક્ષણની વ્યવસ્થા, પોળમાં રહેતા લોકોની ધાર્મિકતા, પોળની ન્યાય વ્યવસ્થા વગેરે જોવા મળે છે. આ સંશોધન પેપરમાં ઐતિહાસિક અને સાંસ્કૃતિક દૃષ્ટિએ મોટી હમામની પોળ અમદાવાદ તેના વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે.

---

**ચાવીરૂપ શબ્દો**: મોટી હમામ પોળ, અમદાવાદ, સાંસ્કૃતિક, સ્થાપત્ય, સમાજવ્યવસ્થા

---

## ૧. મોટી હમામ પોળના નામનો ઈતિહાસ

પોળના નામકરણની રીતે ઈતિહાસ જોઈએ તો રમણલાલ મહેતા અને રશેશ જમીનદાર લિખિત પુસ્તક ‘અમદાવાદના સ્થળનામોનો  અભ્યાસ’ પુસ્તકમાં ઉલ્લેખ મુજબ “મોટા હમામખાનાના વિસ્તારમાં વિકસેલી પોળ, બાબુરી વંશના રાજ્ય શાસનમાં વિકસેલા હમામખાના પૈકી મોટા હમામ પાસેની પોળ. હમામખાનું એ સ્નાન માટેની વિશિષ્ટ રચના હતી. (અને તેનો એક પ્રકાર ગામની ભાગોળે મુસાફરો માટે રાખવામાં આવતો હતો. તેથી સ્થાનિક પરિસ્થિતિ અહીં છે.) આ હમામનો નાશ સતરમી સદી પછી થયો ત્યારબાદ વિકસેલી પોળ.” પોળમાં સાત ખાંચા આવેલ છે. પોળનું નિર્માણ અદભુત રીતે થયેલ છે.

## ૨. પોળનું રાજકીય રીતે મહત્ત્વ

મોટી હમામની પોળ રાજકીય રીતે એટલે મહત્વની છે આ પોળમાંથી શ્રી કૌશિકભાઈ પટેલ ગુજરાત સરકારમાં મંત્રી રહેલા. તેઓ આ પોળના નિવાસી હતા. વર્તમાનમાં તેઓ બીજા વિસ્તારમાં રહેવા ગયા છે.

ગીતાબેન પટેલ ધારાસભ્ય બનેલ તેઓ આ પોળમાં રહેતા. અમદાવાદ મહાનગર પાલિકાના ચેરમેન તરીકે શ્રી પ્રવીણભાઈ પટેલ રહેલા તેઓ આ પોળના નિવાસી હતા. સરદાર વલ્લભભાઈ પટેલ જયારે મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્રમુખ હતા ત્યારે આ પોળમાં છેલ્લા ખાંચામાં રહેતા હતા. શ્રી માણેકલાલ ભોગીલાલ પટેલ, શ્રી માણેકલાલ નારણદાસ પટેલ મ્યુનિસિપલ કોર્પોરેટર હતા. તેઓ મોટી હમામ પોળના નિવાસીઓ હતા.

## ૩. પોળનું સામાજિક મહત્ત્વ

### *૩.૧ પોળમાં રહેનાર લોકોની સામાજિક વ્યવસ્થા*

મોટી હમામની પોળમાં વર્તમાનમાં કુલ 750 જેટલી વસ્તી છે. તેમાં કુલ 112 મકાનો આવેલા છે. આ મકાનો સાત ખાંચામાં વહેચાયેલા છે. તેમાં ખાંચાને પ્રથમ, બીજો ત્રીજો વગેરે નામે તથા તેની આસ પાસ કઈ બાબત જોડાયેલ છે તેના આધારે નામ પાડવામાં આવેલ છે. દા. ત. પરબડી વાળો ખાંચો એટેલે કે પરબડીની બાજુમાં આવેલો ખાંચો. છેલ્લો ખાંચો એટલે કે પોળમાં છેલ્લે જે ખાંચો આવેલ હોય તે. આવી રીતે ખાંચાને ઓળખવામાં આવે છે. મોટી હમામ પોળમાં શરૂઆતના તબક્કામાં વસવાટ કરનાર લોકોમાં પટેલ સમુદાય વસવાટ કરતો અને સામાજિક રીત રિવાજ અને માળખા મુજબ એક બીજા સમુદાયની જરૂરત રહેતી તેમાં આ પોળમાં કુલ 112 ઘરમાંથી 104 ઘર પટેલ સમુદાયના, 2 ઘર વાળંદ સમુદાયના અને 5 ઘર બ્રાહ્મણ સમુદાયના હતા. પરંતુ સમયાંતરે ફેરફાર થતાં વર્તમાન સમયમાં પટેલ સમુદાયના 47 જેટલા ઘરો છે. જે મૂળ નિવાસી લોકો છે. બાકીના ઘરોમાં મારવાડી સમાજ અને અન્ય સમાજના લોકો છેલ્લા કેટલાક વર્ષોથી રહે છે.

### *૩.૨ સગા-સંબંધો*

આ મૂળ નિવાસી લોકોના સગા-સબંધીઓ બીજી પોળમાં રહેતા લોકો તથા અમદાવાદની આજુબાજુના ગામોમાં રહેતા. અને જે વિસ્તારમાંથી લોકો પોળમાં રહેવા આવલ હોય તે મુજબ તેમના સગા સબંધીઓ હતા.

## ૪. લગ્નના પ્રસંગો

લગ્નના પ્રસંગો પોળમાં સાદાઈથી કરવામાં આવતા. ચોગાનમાં લગ્ન પ્રસંગ યોજાતો. લોકો એક બીજાને મદદ કરતાં. કન્યા પક્ષ અને વર પક્ષના બહેનો ગીતો ગાતા. જે પોળની સાંસ્કૃતિકતા જોવા મળે છે.

### *૪.૧ લગ્ન પ્રસંગે બનતા ભોજન – વિશિષ્ટતા*

લગ્ન પ્રસંગે આ પોળમાં વાડીમાં જમણવાર રાખવામાં આવતો. પોળના લોકો તેની વ્યવસ્થા અને આયોજનમાં સહયોગ કરતાં. દાળ, ભાત, શાક, કઠોળમાં ચણા અથવા વાલ, ફૂલવડી, લાડુનું જમણવારમાં મેનુ રહેતું. વસ્તુઓ જાતે ખરીદીને પંચની વાડીમાં જ રસોઈ બનાવવામા આવતી. પોળનો સહિયારો પ્રસંગ હોય તેમ બધા સાથે મળીને કામ કરતાં. ભોજન પીરસવાની રીત હતી. બધા મહેમાનો પંક્તમાં બેસી જાય પછી પોળના યુવાનો ભોજન પીરસતા. પોળના લોકોની આ મહત્વની વિશિષ્ટતા હતી. પોળમાં જે

વ્યક્તિનો કુટુંબનો પ્રંસગ હોય તેમણે કોઈ વ્યવસ્થા બાબતે ચિંતા રહેતી નહીં. કારણ કે લોકો એ પ્રસંગ પોતાનો છે તે ભાવ રાખી બધા એકબીજાને સહયોગ કરતાં.

**૫. મરણ પ્રંસગ**

મરણ પ્રંસગમાં 12 દિવસ વિધિ ચાલતી. બેસણું વાડીમાં થતું. દુખદ પ્રસંગમાં બધા એક બીજાની સાથે રહેતા.

**૬. પોળનું સાંસ્કૃતિક મહત્ત્વ**

***૬.૧ પોળનું સ્થાપત્યની દ્રષ્ટિએ***

મોટી હમામની પોળ સ્થાપત્યની દૃષ્ટિએ પણ ખૂબ મહત્વની પોળ છે. તેની રચના જે છે તેમ ત્રણ પ્રકારના મકાનો જોવા મળે છે. એક મોટા મકાનો જેને હવેલી તરીકે ઓળખવામાં આવે છે. બીજા મધ્યમ કક્ષાના અને ત્રીજા નાના મકાનોનો સમાવેશ થાય છે. ઓરડાની રચના જોઈએ તો શરૂઆતમાં દરવાજો, પોળમાં દરવાજો પૂર્વ-પશ્ચિમ દિશામાં જોવા મળે છે. પ્રથમ દરવાજો, ઉપલો ચોક, ચોક, ચોકની બાજુમાં રસોડુ, ચોકની નીચે વરસાદી પાણીનો સંગ્રહ કરવા માટેનું ટાંકું, ઓસરી, ઓરડા અને ઉપલા માળમાં જવા માટે કેટલાક ઘરોમાં અંદરના ભાગમાં લાકડાની સીડી છે તો કેટલાક ઘરોમાં બહારના ભાગમાં સીડીની વ્યવસ્થા છે. ઉપલા માળનું બાંધકામ લાકડા દ્વારા બનેલ છે. ઉપલા માળમાં આગળનો મેડો અને પાછળનો મેડો તરીકે ઓળખાય છે.

***૬.૨ પોળમાં શિલ્પ કલા, શિલ્પ કલાના વિષયો***

મોટી હમામની પોળમાં મકાનમાં દરવાજા અને ઘરના શણગારમાં વૃદ્ધિ કરતાં લાકડાના બારી બારણાંમાં તથા ઉપરના મજલામાં લાકડા ઉપર સુંદર મજાની કાષ્ઠની વિવિધ પ્રકારની ભૌમિતિક ડીઝાઇનની કોતરણી કરેલ છે. આ કોતરણી એ હવેલી કે ઘરની શોભામાં વધારો કરે છે. બારીકાઈથી કરેલ નકશીકામ, કાષ્ઠકલાના વિષયોમાં પક્ષીઓ, વનસ્પતિની વિવિધ ભાતો જોવા મળે છે.

***૬.૩ પોળમાં સંગીત કલા***

મોટી હમામની પોળમાં માતાજીનું મંદિર આવેલ છે. આ મંદિરમાં ગરબા ગાવામાં આવતા. તેમાં ગરબા ગાવા માટેની ગરબાવલી તૈયાર કરવામાં આવી હતી. ગરબા જાતે જ ગાવામાં આવતા તેમ દેશી ઢોલ, તબલા, ખંજરી, મંજીરાંનો સાધનો તરીકે ઉપયોગ થતો.

***૬.૪ સંગીત -નાટ્ય ક્ષેત્રે પ્રગતી કરી હોય તેવા વ્યક્તિઓ***

સંગીત અને નાટ્યક્ષેત્રે પ્રગતિ કરનાર આ પોળમાં નિવાસ કરતાં શ્રી ચીનુભાઈ નાથાલાલ પટેલ( સોજના) હતા. તેઓ રંગભૂમિના ઊંચા ગજાના કલાકાર હતા. તેમની પાસે રાજ્ય અને દેશભરમાંથી કલાકારો અભિનય શીખવા માટે તેમની પાસે આવતા. શ્રી ચીનુભાઈ પટેલનું આ ક્ષેત્રે મોટું નામ રહેલ.

### *૬.૫ સાંસ્કૃતિક ઉત્સવો અને તહેવારો*

અમદાવાદની કોઈપણ પોળમાં ઉત્સવનું નામ પડે એટલે આનંદમાં આવી જાય. ઉત્સવો પોળમાં ધામધૂમ પૂર્વક ઉજ્જવવામાં આવતા અને આવે છે. પતંગ મહોત્સવ, જન્માષ્ટમી મહોત્સવ, રથયાત્રા, દિવાળી, હોળી-ધૂળેટી, નવરાત્રી મહોત્સવ વગેરે તહેવારો અને ઉત્સવો મોટી હમામની પોળમાં સતત આયોજનો થતાં અને તેની ઉજવણી કરવામાં આવતી. નવરાત્રી મહોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવતો. આજે પણ આ પોળમાં આવા વિવિધ ઉત્સવોમાં પ્રંસગમાં પોળમાંથી બહાર રહેતા લોકો પણ આવે છે. અને સાથે મળીને વિવિધ ઉત્સવો ઉજવે છે. 15 મી ઓગષ્ટે ધ્વજ વંદન કરી આજે પણ બાળકો-યુવાનો લીંબુ ચમચી, જલેબી, કૂદકો, કોથલા દોડ, માટલાં ફોડ, સંગીત ખુરશી જેવી રમતોનું આયોજન કરાય છે.

ઉતરાયણ વખતે પોળમાં યુવાનો જાતે જ દોરી રંગીને પતંગ ઉડાડવાની મજા માણતા. શ્રી નરેન્દ્રભાઇ મોદી, અરુણ જેટલી, અશોક ભટ્ટ જેવા રાજકીય નેતાઓ શ્રી કૌશિકભાઈ પટેલના મકાનના ધાબા ઉપર આવી પોળોની ઉતરાયણની મજા માણેલી છે.

### *૬.૬ પોળમાં રહેતા લોકોનો પહેરવેશ*

મોટી હમામ પોળમાં લોકોના પહેરવેશમાં શરૂઆતના સમયગાળામાં જયારે પટેલ સમુદાયના લોકો રહેતા ત્યારે સ્ત્રીઓમાં ગુજરાતી સાડી અને ભાઈઓના પહેરવેશમાં જભ્ભો હતો. સમયાંતરે તેમાં પરિવર્તન જોવા મળે છે.

### *૬.૭ પોળોમાં રહેતા લોકોના ઘરેણા*

પોળોમાં રહેતા લોકો સાંસ્કૃતિક રીતે વૈવિધ્ય ધરાવે છે તેમાં તેમના ઘરેણાંમાં જોઈએ તો પુરુષો ગળામાં માળા અને હાથમાં વીંટી પહેરતા તો સ્ત્રીઓ હાર, બંગડી, ચૂની, કાનમાં વાળી, પગમાં ઝાંજર જેવા ઘરેણાં પહેરતા.

### *૬.૮ પોળોમાં રહેતા લોકોની ભાષા બોલી*

મોટી હમામની પોળમાં રહેતા લોકો બોલચાલીની ભાષા મુખ્યત્વે ગુજરાતી રહેતી. અને તેમાં અત્યારે અન્ય પ્રદેશના લોકો પણ અહીં વસતા હોઇ મારવાડી અને અન્ય ભાષા પણ બોલે છે.

### *૬.૯ પોળના લોકોની આર્થિક પરિસ્થિતિ*

મોટી હમામ પોળમાં વર્ષો સુધી પ્રમુખ રહેલા સ્વ. મોહનલાલ કુબેરદાસ પટેલ જે પોળમાં મોહન શેઠ તરીકે ઓળખાતા તેમની માણેકચોકમાં એક સરાફી પેઢી હતી. જે છોટાલાલ ભૂષણદાસની પેઢી એવા નામે ચાલતી. તે સમયના મિલ માલિકો સાથે તેમને ઘર જેવો નાતો હતો. પોળના પ્રથમ ખાંચામાં રહેતા શ્રી માધવલાલ પ્રાણજીવન દાસ પટેલે ધાણાની દાળ બનાવવાનું કારખાનું સ્થાપ્યું હતું. આ પોળમાં મોટાભાગના પટેલ લોકો હતા લોખંડ બજારમાં હાર્ડવેરની દુકાનો ચલાવતા હતા. લોખંડ બજારમાં જે તે

સમયે મોટાભાગની દુકાનો મોટી હમામની પોળના લોકોની હતી. લલુભાઈ ઈશ્વરદાસ પટેલ રૂ ના વેપારના મોટા દલાલ હતા. તેમના દીકરા નટવરભાઈની મસ્કતિ માર્કેટમાં કાપડની પેઢી હતી. તેમજ તેઓ નુતન નાગરિક સહકારી બેંકમાં ચેરમેન અને મેનેજિંગ ડિરેકટર હતા.

### *૬.૧૦ આર્થિક ઉપાર્જનના સાધનો*

મોટી હમામ પોળના લોકો આર્થિક ઉપાર્જનના સાધન તરીકે ખેતી હતો. અને મિલમાં નોકરી અને જેમ જેમ શહેરનો વિકાસ થતો ગયો તેમ તેમ ખેતીની જમીન અને ઓછી થતી ગઈ લોકો અન્ય ધંધા રોજગારમાં ગયા. તેમાં લોખંડનો ધંધો એ આ પોળની વિશિષ્ટતા હતી.

### ૭. આર્થિક ક્ષેત્રે પ્રગતિ કરી હોય તેવા લોકો

આર્થિક ક્ષેત્રે પ્રગતિ કરી હોય તેવા મોટી હમામ પોળના લોકોમાં સ્વ. મોહનલાલ કુબેરદાસ પટેલ, શ્રી માધવલાલ પ્રાણજીવનદાસ પટેલ, શ્રી હરજીવનભાઈ હાથીભાઈ પટેલ, લલુભાઈ ઈશ્વરદાસ પટેલ, નટવરલાલ લલ્લુભાઈ પટેલ, શંભુપ્રસાદ પરસોતમ દાસ પટેલ, સોમનાથ જોઈતારામ પટેલ, સોમચંદ લલુભાઈ પટેલ વગેરે લોકોએ આર્થિક ક્ષેત્રે ઘણી પ્રગતિ કરેલ.

### *૭.૧ વ્યવસાય*

મોટી હમામ પોળના લોકોનો વ્યવસાય ખેતી અને મિલમાં નોકરી હતી, જેમ સમય બદલાતો ગયો અને શહેરનો વિકાસ થતો ગયો તેમ તેમ લોકો ધંધા રોજગાર તરફ વળ્યા. અને વેપાર, નોકરી, નાના મોટા સ્વતંત્ર રીતે ધંધા રોજગાર કરતાં થયા.

### *૭.૨ પોળના લોકોની શૈક્ષણિક સ્થિતિ*

શિક્ષણ માટેની વ્યવસ્થા પોળના લોકો નજીકમાં શાળામાં ભણવા માટે જતાં ભાઈઓમાં શિક્ષણનું પ્રમાણ સારું હતું. પરંતુ બહેનોમાં શિક્ષણનું પ્રમાણ પ્રાથમિક શાળા સુધીનું હતું. પોળના વાડી પંચમાં ઉચ્ચ અભ્યાસ કરેલ જે યુવાનો શિક્ષક તરીકે નોકરી કરતાં તેઓ અને સ્નાતક થયેલા યુવાનો પોળમાં વાડીના હોલમાં રાત્રે પોળના બાળકોને વિનામૂલ્યે શિક્ષણની સેવા આપતા. તે પોળના લોકોની ભાવના રહી.

### *૭.૩ પોળ ધાર્મિક દૃષ્ટિએ*

પોળમાં અંબાજી માતાજીનું મંદિર જે બનાવવામા આવેલ છે તેના નીચે કૂવો હતો. કૂવાને બુરવામાં આવેલ અને ત્યારબાદ મંદિર બનાવેલ છે. 1981માં મંદિરનું નિર્માણ થયેલ. મંદિરમાં રહેલ મૂર્તિ ને 52 વર્ષ જૂની છે. મંદિરમાં વિવિધ ધાર્મિક મહોત્સવ ઉજવવામાં આવે છે. મંદિરના પ્રાંગણમાં નવરાત્રી મહોત્સવ 75 વર્ષથી ઉજવવામાં આવે છે.

### *૭.૪ પોળની ન્યાય વ્યવસ્થા*

પોળમાં જ્ઞાતિ પંચ કે વાડી પંચ તરીકે સંસ્થા કામ કરતી. તેમાં પોળના વહીવટી કામગીરી એટલે કે સામૂહિક સાફ સફાઇ, મરામત, ઉજવણી, જેવા પ્રસંગોમાં સમૂહ ભાવનાથી કાર્ય થતું. સાથે સાથે મકાનની

ખરીદ કે વેચાણ વખતે પંચની મંજૂરી તથા તેમની નક્કી કરેલ રકમ આપવી પડતી. તેમ જે જે પણ નિર્ણય પંચ લે તે પોળના સમગ્ર લોકોને માન્ય રહેતો. મોટી હમામની પોળમાં ન્યાય વ્યવસ્થા માટે એક પંચ બનાવવામા આવેલ આ પંચમાં જે સભ્યો હોય તેઓ આ પોળમાં કોઈ સમસ્યા ઊભી થાય તો તેનો નિર્ણય કરતાં. જેને વાડી પંચ તરીકે ઓળખવામાં આવતું. પંચ પાસે અલગ મકાન હતું. પંચમાં 67 સભ્યો છે. પંચ નિર્ણય કરે તે માન્ય રાખવાનો. પ્રમુખ, ઉપપ્રમુખ, સેક્રેટરી. પંચમાં એક ધર્માદા ખાતું હતું તેમાં ચકલા અને કુતરાઓ માટે વ્યવસ્થા કરવામાં આવતી તે માટે એક અથવા બે મકાન ધર્માદા ખાતામાં તેની આવક ગણવામાં આવતી તે મકાન જેને ભાડા તરીકે આપ્યું હોય અને તેની આવકમાંથી કુતરા અને ચકલા માટે ચણની વ્યવસ્થા કરવામાં આવતી.

### *૭.૫ પોળની અન્ય વિશિષ્ટતાઓ*

મોટી હમામની પોળમાંથી કેટલીક ઘરવખરીની વસ્તુઓ જોવા મળી છે જે વર્ષો જૂની છે. તેમ દળવા માટેની ઘંટી, પાણી ગરમ કરવા માટેનો તાંબાનો બંબો, કોલસાની સગડી દ્વારા લોકો રાંધવાનું કાર્ય કરતાં, જર્મનના દીઘડા, 70-80 વર્ષ જૂના છે. પટારો જેમાં ઘર વખરીની વસ્તુઓ તથા સોનું ચાંદી અને ઘરેણાં મૂકવા માટેનું સાધન જેને પટારા તરીકે ઓળખવામાં આવે છે.

### *૭.૬ પોળમાં આવેલ પરબડી*

મોટી હમામની પોળમાં એક પરબડી આવેલ છે. તે પક્ષીઓને ચણ આપવા માટે બનાવવામાં આવેલ છે. આ પરબડી પર તકતી લેખ છે તે મુજબ જોઈએ તો “આ પરબડી સ્વર્ગવાસી બેન ચંદન પટેલ કહાનદાસ અંબારામની દીકરીના સ્મણાર્થે તેમના ટ્રસ્ટીઓએ સંવત 1981ના આસો સુદી 15ને શુક્રવારના રોજ બંધાવી આપી. પંચના ચકલા ખાતામાં અર્પણ કરી છે. તેમાં કુલ ખર્ચ રૂ.1199 થયું છે. લી. મોહનલાલ કુબેરદાસ, પરષોતમદાસ લાલદાસ ટ્રસ્ટીઓ” આ પરબડી એટલે કે ચબૂતરાંનું નિર્માણ થયેલું. આજે પણ આ પરબડી હયાત છે. જે ઇતિહાસની સાક્ષી પૂરે છે.

આમ, સમગ્ર રીતે જોતાં પોળએ નગરનું અભિન્ન અંગ હતું. પોળમાં જે સમૂહની ભાવના, સાંસ્કૃતિક સમન્વય, સહકારિતા જે પરંપરાઓ રહેતી તે આપણી પ્રાચીન ભારતીય સમાજ અને સાંસ્કૃતિક પરંપરાને અનુસરતી જે આજે સમયના થપાટા સહન કરી પણ હજુ મહંદઅંશે બચેલી જણાય છે. આપણી આ વિસ્તરતી જતી વિરાસતને સાચવી રાખવી એ આપણી સૌની સહિયારી ફરજ છે.

### સંદર્ભ સૂચિ

1. કાદરી, રીઝવાન (2005). અમદાવાદ વૈભવ અને વારસો, અમદાવાદ, ડૉ.રીઝવાન કાદરી.
2. જોટે, રત્નમણીરાવ (1928). ગુજરાતનું પાટનગર: અમદાવાદ, અમદાવાદ, ગુજરાત સાહિત્ય સભા.
3. પટેલ, નટવરભાઈ સી. અને રામચંદ્ર સી. પટેલ (2010). મોટી હમામની પોળની જાણીતી છતાં અજાણી વાતો, અમદાવાદ, મોટી હમામ યુવક મંડળ.

4. પરીખ, રસિકલાલ છોટાલાલ અને હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રી (સંપા.). (1981). ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ ગ્રંથ-7 (મરાઠા કાલ). અમદાવાદ: શેઠ બોળાભાઈ જેશિંગભાઈ અધ્યયન-સંશોધન વિદ્યાભવન.
5. મહેતા, કપિલરાય મ. (સંપા.). (1948). અમદાવાદ સર્વસંગ્રહ. અમદાવાદ: ગૂજરાત પબ્લિશર્સ.
6. મહેતા, ર. ના. અને રસેશ જમીનદાર (2001). અમદાવાદની પુરાવસ્તુ એક અધ્યયન. અમદાવાદ: ગૂજરાત વિદ્યાપીઠ.
7. મહેતા, રમણલાલ નાગરજી (1986). ભારતીય વસવાટ, અમદાવાદ, ઈતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ.
8. મુનશી, કનૈયાલાલ મોતીલાલ & ચીમનલાલ મોતીલાલ મુનશી (1924). અમદાવાદ શહેરની ભૂગોળ. અમદાવાદ: ગુજરાત પ્રિંટિંગ પ્રેસ.
9. શાસ્ત્રી, હરિપ્રસાદ ગંગાશંકર અને પ્રવીણચંદ્ર ચિમનલાલ પરીખ (સંપા.). (1987). ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ ગ્રંથ - 9 (આઝાદી પહેલાં અને પછી ઈ.સ. 1915 થી 1960 સુધી). અમદાવાદ: શેઠ ભોળાભાઈ જેશિંગભાઈ અધ્યયન-સંશોધન વિદ્યાભવન.
10. શાસ્ત્રી, હરિપ્રસાદ ગંગાશંકર અને પ્રવીણચંદ્ર ચિમનલાલ પરીખ (સંપા.). (1984). ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ ગ્રંથ 8 (બ્રિટિશ કાલ ઈ.સ. 1914 સુધી). અમદાવાદ: શેઠ ભોળાભાઈ જેશિંગભાઈ અધ્યયન-સંશોધન વિદ્યાભવન.
11. શાહ, પ્રમોદ (2016). ઝવેરીવાડ અમદાવાદની એક આગવી અસ્મિતા, અમદાવાદ, સમતા પ્રકાશન.
12. શાહ, મહેશ કે. (2006). અમદાવાદ મેગાસિટી સુધીની સફર, અમદાવાદ, હર્ષ પ્રકાશન.

મુલાકાત યાદી

1. શ્રી અલ્કેશભાઈ પટેલ, મોટી હમામની પોળ
2. શ્રી રાજેશભાઈ પટેલ, મોટી હમામની પોળ
3. શ્રી પીયુશભાઇ પટેલ, મોટી હમામની પોળ
4. શ્રી જયેન્દ્રભાઈ પટેલ, મોટી હમામની પોળ